**આજે શહેરની શાળાઓ ચાલુ રાખવા અંગે ભારે અવઢવ**



ગાંધીનગર સમાચાર

# નવરાત્રી ઉત્સવની ઉજવણીમાં નગરના ખેલૈયાઓમાં થનગનાટ

ગાંધીનગર, તા. ૨૪

નવરાત્રી એટલે શકિત અને ભકિત નું પર્વ નવરાત્રીને દોઢ મહિના જેટલો સમય બાકી છે. ત્યારે ખેલૈયાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શહેરમાં નાનામોટા લગભગ ૧૦૦ જેટલા ગરબાના મહિલાઓ પોતાના કંઠે પ્રાચીન અને અર્વાચીન અને ભાતીગળ ગરબા ગાઈને ગરબે ઘુમતા હતા. ગરભામાં ચપટી,તાલી અને ઠેસવાળા ગરબાનું અનેરુ મહત્વ છે. સમય જતાંની ગરબીઓ એકત્ર થઈને એક જગ્યાએ વિશાળ નવરાત્રી ઉજવાતી હતી.જેમા ગરબા



નાની શેરીઓ માંથી નીકળીને સામુહિક ગરબાનું કેન્દ્ર બન્યું હતું. આજના સમયમાં નવરાત્રી અલ્ટ્રા મોર્ડન બની છે.સામુહીક ગરબાનું સ્થાન પાર્ટી પ્લોટો એ લીધું છે. માં આધ શકિત આરાધના પર્વને દોઢ મહિના જેટલો સમય બાકી છે.ત્યારે નવરાત્રીને લઈ શહેરના યુવાનોમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે.શહેરમાં રીધમ, પનઘટ, ખેલૈયા, મલ્હાર, સુરાંગન, પુજન, આગમન સહિત લગભગ ૧૦૦ જેટલા ગરબાના તાલિમ વર્ગો કાર્યરત થઈ ગયા વર્ગો કાર્યરત છે.આ વર્ગોમાં ૬ વર્ષના બાળકથી લઈ ૬૦ વર્ષના મહિલાઓ ગરબાની તાલિમ માટે આવે છે. શહેરના યુવક યુવતિઓ આ વર્ષે કાઠીયાવાડી બેઠક, તળપદા, ગરબાની સ્ટાઈલ સહિત વિલંબિત રાસ સાથે ગરબે ગુમવાની તૈયારી કરી રહ્યા છે. ગરબા રસિકોથી તાલિમ વર્ગો ઉભરાય છે. ત્યારે અવનવા સ્ટેપ્સ,અને સ્ટાઈલ શીખવા માટે મસમોટું મહેનતાણુ પણ ગરબા પ્રેમીઓ ચુકવી રહ્યા છે.



નવરાત્રી એ માં દુર્ગાની ઉપાસના અને આરાધનાનું પર્વ છે.આ પર્વમાં ભકતો માતાજીની નવ દિવસ સુધી પુજા અર્ચના કરે છે. નવરાત્રી ઉત્સવ દુનિયાનો સૌથી લાંબો ઉજવાતો ઉત્સવ છે. ગુજરાતના ગરબા દેશ વિદેશમાં પ્રસિધ્ધ છે.ભારત ભરમાં નવરાત્રી ઉત્સવ ઉજ્વાય છે.ગરબાનું પૌરાણીક મહત્વ છે.ગુજરાતમાં આ તહેવારનું વિશેષ મહત્વ છે.પહેલાના ગરબા નાની શેરીઓમાં ઢોલના તાલે છે. જેમાં ૬ વર્ષના બાળક થી લઈ ૬૦ વર્ષના મહિલાઓ તૈયારી કરી રહ્યા છે. આ વર્ષે યુવાનો પરંપરગત તેમજ ભાતીગળ ગરબાની સ્ટાઈલોની સાથે સાથે કાઠીયાવાડી બેઠક,તળપદા,ગરબા સ્ટાઈલને ૨રાજસ્થાની ટચ આપીને કંઈક નવી જ કોરીયોગ્રાફી કરી છે.તેમજ આપણી બે તાલી, ત્રણ તાલી હીંચનો પણ દોઢીયા પોપટીયુ ની સાથે સાથે

● દર વર્ષની નવી સ્ટાઈલ લાવીને અપડેટ રહેવું પડે છે. આ વર્ષે પણ પરંપરાગત ભાતીગળ સ્ટાઈલ તો છે જ. તેમાં થોડુ રાજસ્થાની વેસ્ટર્ન ટચ આપીને ફ્યુઝન સ્ટેટસની કોરીયોગ્રાફી કરી છે.

**- પ્રજ્ઞા ગજ્જર, પૂજન ડાન્સ ક્લાસીસ સંચાલક**

● આ વર્ષે યુવાનો નવી નવી સ્ટાઈલો, પરંપરાગત ભાતીગળ ગરબા સહિત વિલંબીત રાસ અને ગોફણ રાસ સાથે યુવાનો ગરબે ઘુમવા થનગની રહ્યાં છે.

**- નિરવ લોથ, રીધન ગરબા ક્લાસીસ સંચાલક**

● નવરાત્રી એટલે આપણી સંસ્કૃતિને જાળવી રાખવાનું અને સૌની સાથે રહેવાનો તહેવાર છે. જ્યાં ઊંચ-નીચ જાત પાત જોવામાં આવતી નથી. બસ કૈયાને આનંદ મળે અને માની આરાધના કરવાનો સુનેરો અવસર મળે છે. નવરાત્રી એ ગુજરાતના ગૌરવ સમાન તહેવાર છે.

**- યોગેશ શાહ, ખેલૈયા ક્લાસીસ સંચાલક**

● નવરાત્રી મારો પ્રિય તહેવાર છે. અને નવરાત્રીમાં ખેલૈયાઓને અવનવા સ્ટેપ્સ સાથે રમતા જોવા મને ખુબ ગમે છે. અને હું પણ દર વર્ષે બે ત્રણ નવા સ્ટેપ્સ અને સ્ટાઈલ સાથે ગરબે ઘુમવાનું પસંદ કરૂ છું.

**- નીલકંઠ દિક્ષિત, ગરબા રસિક**

## સેકટર-૧૬ની અંધશાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર લાયન્સ, લાયોનેસ અને લીઓ કલબ દ્વારા આગામી તા. ૨૬ ઓગષ્ટના રોજ સવારે ૯-૦૦ કલાકે સે-૧૬ અંધશાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે.

કલબ દ્વારા દત્તક લીધેલ સે-૧૬ સ્થિત અંધશાળામાં વનમંત્રી મંગુભાઈ પટેલ અને ધારાસભ્ય અશોકભાઈ પટેલ દ્વારા વૃક્ષો રોપવામાં આવશે. આ કાર્યક્રમમાં કલબના સભ્યો હોદ્દેદારો તથા વન-વૃક્ષ પ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા લાયન્સ કલબના પ્રમુખ જે.એસ. પ્રજાપતિએ જણાવેલ છે.



ગાંધીનગર શહેરમાં દશામાના રાત્રી જાગરણ દરમ્યાન આનંદનો ગરબો અને ભજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નગરના સેક્ટર-૩-બી ખાતે મહિલાઓ દ્વારા ભજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ હાજર રહી જાગરણ કર્યું હતું.

# ડભોડાના વડોદરા ગામે ૯ જુગારીયા ઝડપાયા : રૂ. ૧.૩૭ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીકના ડભોડામાં આવેલ વડોદરા ગામે મકાનમાં પાનાપત્તાનો જુગાર ધમધમી રહ્યો હતો. જ્યાં ડભોડા પોલીસની ટીમે દરોડો પાડી જુગાર ખેલી રહેલા ૯ જુગારીયાઓને ઝડપી પાડ્યા હતા અને વાહન, રોકડ અને મોબાઈલ મળી કુલ રૂ. ૧.૩૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર તાલુકામાં ડભોડા નજીક વડોદરા ગામ આવેલું છે. વડોદરા ગામની સીમમાં રહેતા જાલમસિંહ કાળુસિંહ ઠાકોરના મકાનમાં કેટલાક શખ્સો બિન્દાસ બની શ્રાવણીયો જુગાર રમી રહ્યા હતા. આ જુગારધામ અંગે ડભોડા પોલીસને બાતમી મળતા પોલીસે બાતમી સ્થળે બપોરે દરોડો પાડ્યો હતો. પોલીસ દરોડો પાડી ૯ જુગારીયાઓને રંગેહાથ જુગાર રમતા ઝડપી પાડ્યા હતા અને જુગાર સાહિત્ય, રૂ. ૨૫,૭૨૦ની રોકડ, ૧ લાખની અલ્ટો કાર, રૂ. ૧૧,૫૦૦ની કિંમતના આઠ મોબાઈલ મળી કુલ રૂ. ૧,૩૭,૨૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસ તમામ આરોપીઓ વિરૂદ્ધ જુગારધારા મુજબ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે ડભોડા પી.એસ.આઈ. સોલંકી તપાસ ચલાવી રહ્યા છે.

### પકડાયેલા જુગારીયાઓ

ધર્મેન્દ્ર કેશવલાલ પટેલ
વિશાલભાઈ બાબુભાઈ ઠાકોર
છનાજી પ્રતાપજી સોલંકી
ગોવિંદ અભુજી ઠાકોર
વિનોદ ચંદુજી ઠાકોર
જાલમસિંહ કાળુસિંહ ઠાકોર
પ્રતાપસિંહ ગાંડાજી ઠાકોર
પરેશ પસાભાઈ પટેલ,
મેરાજી કાળાજી ઠાકોર
(તમામ રહે. વડોદરા ગામ, તા. જી. ગાંધીનગર)

# પાટીદારોની રેલીને લઈ ગાંધીનગર પોલીસ સ્ટેન્ડ ટુ

## શહેરમાં પ્રવેશતા મુખ્ય માર્ગો પર પોલીસે ચેકીંગ શરૂ કર્યુ : સતત પેટ્રોલિંગ કરી નજર રખાઈ રહી છે

ગાંધીનગર, તા. ૨૪

૨૫મીએ અમદાવાદમાં યોજાનાર પાટીદારોની અનામત રેલીને પગલે ગાંધીનગર જિલ્લામાં પણ પોલીસ સ્ટેન્ડ ટુ થઈ ગઈ છે. શહેરમાં પ્રવેશતા મુખ્ય માર્ગો પર પોલીસ તૈનાત કરવામાં આવી છે.

આજે અમદાવાદમાં જીએમડીસી મેદાનમાં પાટીદારોની જંગી રેલી યોજાશે. જેમાં રાજ્યભરમાંથી અંદાજે ૨૫ લાખથી વધુ પાટીદારો ઉમટી પડશે. રેલીને લઈ પાટીદારોએ તમામ તૈયારીઓ અંતિમ ચરણમાં છે. રેલીમાં પાટીદારોની સંખ્યાને જોતા વિશાળ પોલીસ કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે. રેલીમાં રાજયના પોલીસતંત્રના ઉચ્ચ અધિકારીઓ સતત નજર રાખી રહ્યા છે. ઉપરાંત પોલીસતંત્રની વિવિધ ટીમો પણ કામગીરીમાં જોડાઈ ગઈ છે. રેલીમાં અંદાજે ૨૫૦૦૦ પોલીસને સ્ટેન્ડ ટુ ના આદેશો આપવામાં આવ્યા છે.

અમદાવાદની પાટીદારોની રેલીને ધ્યાને લઈ ગાંધીનગર જિલ્લા પોલીસ પણ સ્ટેન્ડ ટુ મોડમાં આવી ગઈ છે. જિલ્લા પોલીસે ગાંધીનગર શહેરમાં પ્રવેશતા વિવિધ માર્ગો પર સઘન ચેકીંગ હાથ ધર્યું છે. પોલીસની વિવિધ ટીમો શહેરભર પેટ્રોલિંગ પણ કરવામાં આવી રહ્યું છે. જ્યારે સચિવાલય વિસ્તારમાં પણ પોલીસ તૈનાત કરવામાં આવી છે.

## ખૂણે ખાંચરેથી...

● અમદાવાદ ખાતે પાટીદાર સમાજ આયોજિત ક્રાંતિકૂચને લઈ આરોગ્ય તંત્ર વૈષ્ણવદેવી સર્કલ, તપોવન સર્કલ, શાહપુર ચોકડી તેમજ કોબા સર્કલ ખાતે ચાર એમ્બ્યુલન્સ સાથે મેડીકલ ટીમો તૈનાત રાખશે.

● આજે આખો દિવસ સચિવાલય અને ગાંધીનગરમાં ક્રાંતિકૂચ જ ટોક ઓફ ધી ટાઉન હતી.

● અમદાવાદ ક્રાંતિકૂચમાં ભાગ લેવા માટે આજે સાંજે ગાંધીનગર શહેરના 'ચ' માર્ગ પરથી મોટી સંખ્યામાં વાહનો દ્વારા લોકો જવા રવાના થયા હતા.

● બુધવારથી શરૂ થઈ રહેલા વિધાનસભા સત્રને લઈ સંકુલમાં રંગરોગાન અને મરામતનું કામ જોરશોરથી ચાલી રહ્યું છે.

● સ્વાઈન ફ્લુ સહિત પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળા અંગે આરોગ્ય કમિશનરે યોજેલી વિડીયો કોન્ફરન્સ ટેકનીકલ ખામીને લઈ રદ કરાઈ હતી.

● આગામી સપ્તાહ સરકારી કાર્યક્રમોથી ભરપુર રહેશે. સ્વયંશિક્ષક દિન, શિક્ષક સન્માન સમારોહ, વિવિધ પરીક્ષામાં ઉત્તીર્ણ ઉમેદવારોને નિમણુંક પત્ર આપવા સહિતના કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે.

● પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા ગઈકાલે લેવાયેલ તલાટી કમ મંત્રીની પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી આજે જારી કરવામાં આવી છે.

# સરગાસણના રૂદ્રભુમિ અંતિમધામમા બળતણના લાકડાનો દર ૧ રૂપિયો જ વસુલાશે

## જુનિયર સિટિઝન્સ કાઉન્સિલની રજુઆતને ધ્યાને રાખી નિર્ણય લેવાયો

ગાંધીનગર તા ૨૪

ગુડા વિસ્તારમાં નવ નિર્મિત રૂદ્રભુમિ અંતિમધામમાં બળતણના લાકડાનો ટોકન ભાવ જ વસુલવામાં આવશે. અગાઉ આ મામલે રૂ ૭૫૦ વસુલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.જયારે જુનિયર સિટિઝન્સ કાઉન્સિલની રજુઆત બાદ ગુડા દ્વારા બળતણના લાકડાનો માત્ર ૧ રૂપિયાનો ટોકન દર વસુલવાનુ નક્કી કરવામાં આવ્યુ છે.

ગાંધીનગરના ગુડા વિસ્તારમાં સરગાસણ ખાતે રૂદ્રભુમિ અંતિમધામનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. નવ વિકસિત વિસ્તારને ધ્યાને લઈ ટી પી નં-૭માં રહીશો માટે ગુડા દ્વારા સુવિધાસભર અંતિમધામ તૈયાર કરી દેવામાં આવ્યુ છે. જયારે આ સ્મશાનગૃહના સંચાલનની જવાબદારી જુનિયર સિટિઝન કાઉન્સિલને સોંપવામાં આવી છે. અગાઉ ગુડા દ્વારા અંતિમધામમાં લાકડાનો દર રૂપિયા ૭૫૦ વસુલવાનો નિર્ણય લેવાયો હતો. બીજીતરફ સે-૩૦ ના સ્મશાનગૃહમાં માત્ર ટોકન રૂ-૧ નો દર વસુલવામાં આવતો હોવાથી આ મામલે જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા ગુડાને લાકડાનો દર ઘટાડવા રજુઆત કરવામાં આવી હતી. નિયત દર વધુ હોવાથી સામાન્ય માણસને ધ્યાને રાખી ભાવ નક્કી કરવા પણ જણાંવાયુ હતુ. જેને ધ્યાને લઈ ગુડા દ્વારા રૂદ્રભુમિમાં બળતણના લાકડાનો દર ટોકન રૂ-૧ નિયત કરી દેવાયો છે.

# આજે શહેરની શાળાઓ ચાલુ રાખવા અંગે ભારે અવઢવ

ગાંધીનગર, તા.૨૪

રાજયભરમાં પાટીદારોની અનામત માટેની રેલીએ ભારે ઉત્તેજના જગાવી છે અને આ સાથે અપાયેલા બંધના એલાનને કારણે ગાંધીનગરમાં શાળાઓ ચાલુ રહેશે ક કેમ તે અંગે વાલીઓ ભારે મુંઝવણ અનુભવી રહ્યાં છે. જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા અધિકૃત રીતે શાળાઓ બંધ રાખવા કોઈ આદેશ આપવામાં આવ્યો ના હોઈ શાળા સંચાલકો પણ અવઢવમાં મુકાયા છે અને પોતાની રીતે નિર્ણયો લઈ રહ્યાં છે. આથી વાલીઓને પણ જેતે શાળાના મેજમેન્ટ કક્ષાએથી જે સુચના આપવામાં આવે તે મુજબ વર્તવા સલાહ અપાઈ રહી છે. જો કે ઘણા વાલીઓ સોશ્યલ મિડીયા જેવા કે વ્હોટસ એપના માધ્યમથી એકબીજા સાથે ચર્ચા કરી નિર્ણય લેવાનું મુનાસિબ માની રહ્યાં છે તો કેટલીક શાળાના સંચાલકો પણ આ માધ્યમ થકી બાળકને શાળાએ ન મોકલવા વાલીઓને જણાવી રહ્યાં છે.

ચાંદખેડા અને મોટેરા આમ તો ભૌગોલિક રીતે અમદાવાદમાં આવે છે આ વિસ્તારમાં આશરે ૩૦ જેટલી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ આવેલી છે. આ શાળાઓને પણ બંધ રાખવાની કોઈ અધિકૃત સૂચના આપવામાં આવી નથી. પરંતુ શાળા સંચાલકો અને વાલીઓ પોતાની અંગત રીતે યોગ્ય નિર્ણય લઈ શકે છે. મોટા ભાગની શાળાઓના આચાર્યોએ બાળકોને સ્કૂલે મોકલવા કે નહિ તે અંગેનો નિર્ણય વાલીઓ પર છોડયો છે.

**શાળાઓના આચાર્યોએ બાળકોને સ્કૂલે મોકલવા કે નહિ તે અંગેનો નિર્ણય વાલીઓ પર છોડયો**

## હરિની દૃષ્ટિ...




નકારાત્મક પરિણામ આવે જ ને ?... જો 'અ' એટલે નહીં... 'ના' એટલે નહીં... 'મત' એટલે નહીં..

# કલ્યાણ પુષ્ટિ હવેલી ખાતે સાવનભાદોના હિંડોળા યોજાયા

ગાંધીનગર, તા. ૨૪

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે અમદાવાદની કલ્યાણ પુષ્ટિ હવેલી ખાતે તા. ૨૩મી ઓગષ્ટ રવિવારે સાંજે ૬ કલાકે સાવનભાદો હિંડોળા મનોરથ યોજવામાં આવ્યો હતો. આ મનોરથમાં સાવન ઋતુના સુંદર વાતાવરણમાં ઠાકોરજીને ઝુલાવવામાં આવ્યા હતા તેમજ સમગ્ર હવેલી પરિસરને વિશિષ્ટ રીતે સજાવવામાં આવ્યું હતું. આ સજાવટમાં ગોપીઓ, ગ્વાલ તેમજ ગાયની ભાવાત્મક પ્રતિકૃતિઓ તેમજ હરિયાળી, બગીચો, વાદળ-વરસાદ અને પક્ષીઓના મધુર કલરવરથી પરિસર ગુંજાયભાવ કરાયું હતું.

# ઈસનપુર મોટા ખાતે ચેરિટેબલ હોસ્પિટલ ફેડરેશનનું વાર્ષિક અધિવેશન યોજાયું

## આરોગ્યમંત્રી નિતિનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં : ફેડરેશનના પ્રમુખ પદે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલની વરણી કરાઈ

ચિલોડા, તા.૨૪

ગાંધીનગર તાલુકાના મોટા ઈસનપુર ગામે એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલના યજમાન પદે ગુજરાત રાજય ચેરિટેબલ હોસ્પિટલ




ફેડરેશનનું વાર્ષિક અધિવેશન તા. ૨૩મી ઓગષ્ટે યોજાયું હતું. આ અધિવેશનમાં રાજય આરોગ્ય મંત્રી નિતિનભાઈ પટેલ, ઉદઘાટક તેમજ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અરવિંદભાઈ પટેલની ફેડરેશનના પ્રમુખપદે સર્વાનુમતે વરણી કરાઈ હતી.

આરોગ્ય મંત્રી નિતિનભાઈ પટેલે નાગરિકોના આરોગ્યની જાળવણી, ગરીબ વર્ગના પરિવારોની સેવા, સ્વચ્છતા મિશન, કુપોષિત બાળકો માટે તિથી ભોજન, ઘેર ઘેર શૌચાલય, સરકારી કર્મચારીઓ માટે તબીબી સારવાર, પેન્શનરો અને સ્વાતંત્ર્ય સેનાનીઓ માટે આરોગ્યલક્ષી યોજનાઓ અંગે પ્રકાશ પાડયો હતો. ફેડરેશનના અધ્યક્ષ પી.કે. લહેરી કાર્યક્રમમાં ઉપસ્થિત ના રહી શકતા સર્વોદય આરોગ્ય મંડળના પ્રમુખ વિષ્ણુભાઈ પટેલે સમારંભના અધ્યક્ષનું સ્થાન શોભાવ્યું હતું. આ અધિવેશનમાં સંસ્થાનો વાર્ષિક અહેવાલ રજુ કરાયો હતો તથા ગત વર્ષના હિસાબોની રજૂઆત કરી અનુમોદન અપાયું હતું. આ ઉપરાંત સંસ્થાના આગામી ૩ વર્ષ માટે હોદ્દેદારોની વરણી પણ કરાઈ હતી. જેમાં ફેડરેશનના પ્રમુખ તરીકે અરવિંદભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરાઈ હતી.

સમારંભના પ્રારંભે પૂર્વ રાષ્ટ્રપતિશ્રી એ.પી.જે. અબ્દુલ કલામને શ્રધ્ધાંજલિ અર્પણ કરાઈ હતી. સમારંભમાં પૂર્વ સહકાર મંત્રી વાડીભાઈ પટેલ, ધારાસભ્ય શંભુજી ઠાકોર, જિલ્લા પંચાયત પ્રમુખ હીનાબેન પટેલ, બાર કાઉન્સિલ એસોસિએશનના પ્રમુખ ગોપીનાથ તથા સંસ્થાના હોદ્દેદારો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ